# પાટીદારોની મહિલાઓને મારી ત્યારે મોદીજી ક્યાં હતા ? : રાહુલ ગાંધી

છોટાઉદેપુર, તા. ૮

છોટાઉદેપુર જિલ્લાની ત્રણ વિધાનસભા બેઠકમાં હાલ ચૂંટણી યોજાનાર છે. ત્યારે પાવીજેતપુરના એપીએમસી ગ્રાઉન્ડમા કોંગ્રેસ પાર્ટીના ઉપાધ્યક્ષ રાહુલ ગાધીએ કોંગ્રેસની સભાને સંબોધન કર્યું હતું. આદીવાસી વિસ્તારમા પાવીજેતપુર વિધાનસભા બેઠક હાલ ભાજપના કબજે છે. જ્યારે અન્ય સંખેડા, છોટાઉદેપુર કોંગ્રેસ પાસે છે. ત્યારે પાવીજેતપુર બેઠક પોતાના કબજામા કરવા માટે કોંગ્રેસ પાર્ટીએ રાહુલગાધીની પાવીજેતપુર ખાતે સભાનું આયોજન કર્યું છે. બીજી બાજુ ચૂંટણીનું મતદાન હવે ટુક સમયમાં હોય ત્યારે ભાજપ કોંગ્રેસ બન્ને પાર્ટી મતદારોને પોતાના તરફે ખેંચવાના પ્રયાસ કર્યા છે. ઉપરાંત રાહુલ ગાંધીએ તારાપુરમાં પણ નરેન્દ્ર મોદી પર આકરા પ્રહાર કર્યા હતા.




આદીવાસી વિસ્તાર હોય કોંગ્રેસ પક્ષના ઉમેદવાર સુખરામ રાઠવાના ટેકેદારો પોતાના આદિવાસી વેશભૂષા અને નાચગાન કરી ઉમટી પડ્યા હતા સાથે જ કોંગ્રેસ આવે છે નવસર્જન લાવે છે ના સુત્રોચાર કરી સમગ્ર વાતાવરણને ગજવી દીધું હતું. દેશના વડાપ્રધાન નરેન્દ્રમોદીની સભા બોડેલી ખાતે આવતીકાલે હોય જેના આગલા દીવસે જ કોંગ્રેસ પાર્ટીએ મોકો જોઈ ચોક્કો માર્યો છે અને પોતાનું શક્તિ પ્રદશન બતાવ્યું છે. સાથે જ રાહુલ ગાંધીએ કોંગ્રેસ પાર્ટી સત્તામા આવતાના ૧૦ દિવસ માજ ખેડૂતોનું દેવું માફ કરશે. રાહુલ ગાંધીએ જંગી સભાના સંબોધનમા પોતાની આગવી અદામા નરેન્દ્ર મોદી પર આકરા પ્રહાર કર્યા હતા સાથે જ ભાજપ સરકારને આડે હાથ લીધા હતા.

રાહુલ ગાંધીએ તારાપુરની સભામાં કહ્યું કે, જ્યારે પાટીદારોની મહિલાઓને માર મારવામાં આવી ત્યારે ક્યાં હતા મોદીજી, જ્યારે દલિતો પર અત્યાચાર થયા ત્યારે ક્યાં હતા મોદીજી, તમે બધા નોટબંધીમાં બેન્ક સામે લાઈનમાં ઊભા હતા જ્યારે શુટબુટવાળા ક્યાંય દેખાયા ન હતા. તે લોકો પાછલા દરવાજે બેંકમાં એસી રૂમમાં બેઠા હતા. નરેન્દ્ર મોદીજીએ



તમામ ચોરોના નાણાં નોટબંધીમાં સફેદ કરી દીધા છે. વિકાસની વાત છોડીને છેલ્લા ઘણા સમયથી મોદીજી જનતાને ક્યાંક બીજી જ રાહ પર ધ્યાન દોરી રહ્યા છે. જય શાહના મામલામાં તમે કાર્યવાહી કરવા નથી માગતા તો તમારુ કોઈ કારણ હશે. જમીનો ઉદ્યોગપતિઓને ૧ રૂપિયા મીટરના ભાવે આપી અને ઉદ્યોગપતિઓએ તે જ જમીન સરકારને ૩૫૦૦ રૂપિયાના ભાવે આપી.

તેમણે કહ્યું કે, આ વખતે પાર્લામેન્ટ ગુજરાતની ચૂંટણી પછી મળશે તેનું કારણ એ છે કે મોદી નથી ઈચ્છતા કે પાર્લામેન્ટના માધ્યમથી બીજી બધી બાબતો લોકો સામે આવે, જય શાહની બાબત લોકો સામે આવે. તેમણે ઉમેર્યું કે, જ્યારે ખેડૂતો જેટલી પાસે ગયા અને દેવા માફ કરવાની વાત કરી ત્યારે તેમણે કહ્યું કે ખેડૂતોના દેવા માફ કરવા અમારી પોલીસીમાં નથી. હું કહું છું કે ગુજરાતમાં જેવી જ કોંગ્રેસ સરકાર બનશે તેવું જ ૧૦ દિવસમાં ખેડૂતોનું દેવું માફ કરાશે. પેટ્રોલ ડીઝલના ભાવમાં પણ ઘટાડાના પોતાના મેનીફેસ્ટો અંગેની વાત તેમણે તેમાં કરી હતી.

## ચૂંટણી ચોતરેથી

● ગુજરાતમાં બંને પક્ષોના દિગ્ગજો નરેન્દ્ર મોદી અને રાહુલ ગાંધીએ ચાર-ચાર સભાઓ યોજી હતી.

● પાસમાં સપાટી પર આવેલા મતભેદો. દિનેશ બાંભણિયાએ હાર્દિક સાથે અને કોંગ્રેસ સાથે મતભેદો હોવાનું જાહેર કર્યું.

● રાહુલ ગાંધીએ પ્રશ્ન કર્યો હતો કે મોદી જય-અમિત શાહ માટે કેમ કંઈ બોલતા નથી.

● રાજકોટમાંથી દોઢ કરોડની રોકડ પકડાઈ.

● જેડીયુના રાષ્ટ્રીય નેતા ત્યાગીએ નિવેદન કર્યું હતું કે છેલ્લા ત્રણ દિવસથી છોટુ વસાવા ગાયબ છે.

● ભાજપનું સંકલ્પ પત્ર બપોરે જાહેર થયું. ‘અવિરત વિકાસ અડિખમ વિશ્વાસ’ના નામે સંકલ્પપત્ર જાહેર કર્યું.

● ભાજપના સાંસદના પટોળેએ પક્ષ અને સંસદ સભ્ય પદેથી રાજીનામુ આપ્યું.

● સૂરતમાં સરથાણા પોલિસ મથકમાં હાર્દિક પટેલ સામે પોલિસ ફરિયાદ નોંધાઈ.

● જેતપુર બેઠકના કોંગ્રેસના ઉમેદવાર રવિ આંબલીયાના કાર્યાલય પહોંચી ખોડલધામના પ્રણેતાના પુત્ર શિવરાજ પટેલે લોકસંપર્ક કર્યો હતો. મિતુલ દોંગા અને દિનેશ ચોવટીયાના કાર્યાલય પર પણ તેઓ પહોંચ્યા હતા.

● હાર્દિક પટેલે ટવીટર પર મતદાનની અપીલ કરી હતી કે કોલર ઉંચો કરીને મતદાન કરવા જજો અને છોકરાઓને કહેજો કે દુનિયાની સૌથી મોટી પાર્ટીને અમે પાડી દીધી.

## પાસના કન્વીનર દિનેશ બાંભણીયાનું રાજીનામું

પાટીદાર અનામત આંદોલન સમિતિના નેતા હાર્દિક પટેલને એક મોટો ઝટકો લાગ્યો છે. એક બાજુ જ્યા શનિવારે રાજ્યમાં પ્રથમ ચરણ માટે વોટિંગ થવાનુ છે તો બીજી બાજુ પાટીદાર આંદોલનના એક મોટા નેતા દિનેશ બાંભણીયાએ રાજીનામુ આપી દીધુ છે.

જોકે દિનેશ બાંભણિયાએ આ રાજીનામું કેમ આપ્યું તે બાબત જાણી શકાઈ નથી. દિનેશ લાંબા સમયથી પાસમાં હાર્દિકની સાથે રહ્યો હતો. થોડા વખત પહેલા પાસની તમામ જાહેરાતો હાર્દિક પટેલ દ્વારા જ કરવામાં આવતી હતી જે પહેલા દિનેશ બાંભણિયા દ્વારા કરાતી હતી. દિનેશ બાંભણિયાનું કહેવું છે કે મેં સમાજ માટે જ કામ કર્યું છે. કોંગ્રેસના નેતાઓ ફોન નથી ઉપડાતા, પાટીદાર સમાજને સતત અન્યાય થઈ રહ્યો છે.

# પંચમહાલમાં અમિત શાહ ૨૦ મિનિટ ભાષણ કરી રવાના

કાલોલ, તા. ૮

ભાજપાના રાષ્ટ્રિય અધ્યક્ષ અમિત શાહે આજે પંચમહાલના કાલોલના ડેરોલ સ્ટેશન ખાતે એક જાહેર સભાને સંબોધન કરી હતી અને કોંગ્રેસ ઉપર તીખા પ્રહારો કર્યા હતા. જોકે ડેરોલ ખાતે બાર વાગે હતી પણ નિયત સમય કરતા અમિત શાહ બે કલાક મોડા પડયા હતા.

પ્રાપ્ત વિગતો અનુસાર પંચમહાલના ખાતે વિધાનસભાની ચુટણી પ્રચાર અર્થ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ કાલોલના ડેરોલ સ્ટેશન ખાતે એક સભાને સંબોધી હતી. સભામાં તેમણે કોંગ્રેસ ઉપર પ્રહાર કર્યા હતા. તેમણે જણાવ્યુ હતુ કે ઉત્તરપ્રદેશની નિગમની ચૂંટણીઓમાં કોંગ્રેસના સુપડા સાફ થઈ ગયા છે અને ગુજરાતનુ પેપર યુ.પીની જનતાએ ફોડી નાખ્યુ છે.

રાહુલ ગાંધીના મત વિસ્તારમા પણ મ્યુનીસીપાલટીની




સીટ ભાજપે કોંગ્રેસ પાસેથી કબજે કરી છે. ગુજરાતમાં પ્રચાર કરવાને બદલે અમેઠી ગયા હોત તો તે બેઠક પણ બચી જાત. કોંગ્રેસના મણીશંકર ઐયર વિશે જણાવ્યું હતું કે તેમને વડા પ્રધાનને નીચ કહ્યા તેમને વડાપ્રધાનની ગરીમા સાચવતા પણ નથી આવડતી. જોકે મણિશંકર ઐયરને કોંગ્રેસ દ્વારા સસ્પેન્ડ કરવા અંગે કહ્યું કે, આ કોંગ્રેસનું નાટક છે, એ પાછા લઈ લેશે. તેમણે કોંગ્રેસ પર આક્ષેપ કર્યો હતો કે તે જાતિવાદના ઝેર ઘોળી ચૂંટણી લડવા માગે છે. અમિત શાહે રામમંદિર મૂદ્દે પણ કોંગ્રેસને આડે હાથ લીધી હતી. તેમણે જણાવ્યું હતું કે, રામજન્મભુમિનો કેસ સુપ્રિમકોર્ટમાં આવ્યો ત્યારે કોંગ્રેસના નેતા કપિલ સિબલ્લે ૨૦૧૯ પછી ચલાવા કહ્યું હતું. ઓલ ઈન્ડિયા સુન્ની વકફ બોર્ડ તરફથી હાજર રહ્યા અને કેસ ના ચલાવા કહ્યું હતું .જોકે હાલ તો ઓલ ઈન્ડિયા સુન્ની વકફ બોર્ડ પણ કેસ ચાલે તેવું ઈચ્છે છે.

તેમણે રાહુલ ગાંધીને આડે હાથ લેતા જણાવ્યું કે રાહુલ ગાંધી ભાજપના લીધે મંદિર જતા થયા છે. ચૂંટણી પછી મંદિરે જાય તો સારુ તેમ તીખો કટાક્ષ પણ કર્યો હતો. અમિત શાહ વીસ મીનીટ જેટલુ ભાષણ કરી રવાના થયા હતા.

## આનંદીબહેનના પતિ મફતભાઈએ નરેન્દ્ર મોદીને કહ્યું હતું ૨૦૧૭માં ભાજપે ગુજરાત ગુમાવવુ પડશે

ગુજરાતના પ્રશ્નો અંગે આનંદીબહેન પટેલના પતિ મફત પટેલ છેલ્લા બે વર્ષથી પત્ર વ્યવહાર કરી ગુજરાતના પ્રશ્નો અંગે ધ્યાન દોરી રહ્યા હતા. તેમણે ગુજરાતમાં જે પ્રકારે પાટીદાર આંદોલન ચાલી રહ્યુ છે તેના કારણે ૨૦૧૭નું ચૂંટણી પરિણામ બદલાઈ શકે છે તેવી ભીતી વ્યક્ત કરી હતી. તા. ૩૦મી ડિસેમ્બર ૨૦૧૫ના રોજ પાઠવેલા પત્રમાં ડૉ. મફત પટેલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ચેતવણી આપી હતી કે ગુજરાતમાં કોંગ્રેસ સબળ હોત તો ભાજપને મત ના મળ્યા હોત, ખાસ કરી શહેરી પાટીદારોમાં ભાજપ પ્રત્યે ખુબ રોષ છે.

મફત પટેલે પત્રમાં વિગતવાર નોંધ મુકતા કહ્યુ હતુ કે આનંદીબહેન મસ્તીસ્કથી પાટીદાર આંદોલનને સમજવાનો વિચાર કરે છે, કારણ તેમની પાસે હૃદય જ નથી, પણ તમારી પાસે તો મસ્તીસ્ક અને હૃદય બન્ને છે. તમે આ પરિસ્થિતિને બદલી શકો છો. તેમણે પોતાની વાત દસ મુદ્દામાં આ પ્રકારે રજુ કરી હતી.

(૧) પાટીદારો ઉપર પોલીસ અને સરકારે દમન ગુજાર્યુ છે તેના કારણે પાટીદારો બદલો લેવા માટે મેદાનમાં ઉતર્યા છે.

(૨) ગુજરાતમાં ઘરે ઘરે ચર્ચા છે કે ગુજરાત સરકાર કોણ ચલાવે છે, ગુજરાતના ગૃહમંત્રી તરીકે હજી પણ દિલ્હીમાં બેસી અમિત શાહ જ ગુજરાત ચલાવે છે.

(૩) ભાજપે પોતાના સારા કામોને લોકો સુધી લઈ જવાના હતા, પણ હવે પાટીદારો સહિત અન્ય કોમ પણ ભાજપ વિરોધી થઈ ગઈ છે.

(૪) નરેન્દ્રભાઈ પાટીદારોનો પ્રશ્ન તમે જ હાથ ઉપર લેશો તો તેને ઉકેલ આવી શકે તેમ છે.

(૫) પાટીદાર યુવકોએ ભુલ કરી છે, પણ સરકારે તેમની સામેના તમામ કેસ પાછા ખેંચી લેવા જોઈએ નહીંતર સરકારનું ઝેર વાતાવરણ બગાડશે અને ૨૦૧૭ની ચૂંટણીનું પરિણામ કઈક જુદુ જ આવશે.

(૬) દેશનો વિકાસ કરવો હોય તો અનામતના વાડામાંથી તમામ કોમને બહાર કાઢો, દેશ માટે તમે અબ્રહામ લીંકન બનો.

(૭) શિક્ષણ અને નોકરીમાં અનામતને કારણે પાટીદારને અન્યાય થઈ રહ્યો છે.

(૮) ગુજરાત સરકારે યુવાનોને ધ્યાનમાં રાખી યોજનાઓ બનાવી જોઈએ અને તેમને ઉંમરમાં પણ છુટછાટ આપવી જોઈએ.

(૯) મોટા ભાગના સંસ્થાઓમાં પાટીદારો દાન આપે છે, પણ તેમના જ બાળકોને અનામતને કારણે નુકશાન થઈ રહ્યુ છે.

(૧૦) વાસ્તવમાં ગુજરાત સરકાર પાટીદાર આંદોલનને ગંભીરતાથી લઈ રહી નથી, પણ ૨૦૧૭માં ભાજપે ગુજરાત ગુમાવવાનો વખત આવશે.

# મંજૂરી વગર છેલ્લા બે દિવસોમાં રાજકીય પક્ષો અખબારોમાં જાહેરાત આપી શકશે નહીં

ભારતના ચૂંટણીપંચની સૂચના મુજન ગાંધીનગર જિલ્લામાં ૧૩-૧૪ ડિસેમ્બર, ૨૦૧૭ના રોજ મિડિયા સર્ટિફીકેશન એન્ડ મોનીટરીંગ કમિટીની મંજૂરી વગર અખબારોમાં રાજકીય પક્ષો અને ઉમેદવારો જાહેરાત છપાવી શકશે નહીં. અખબારોએ આ બંન્ને દિવસો માટે આવી જાહેરખબર છાપવા માટે મિડીયા સર્ટિફિકેશન એન્ડ મોનીટરીંગ કમિટીનું સર્ટિફિકેટ ચેક કરીને જ જાહેરાત છાપી શકાશે એવું ચૂંટણીપંચ વતી અધિક નિવાસી કલેકટર એચ. એમ. જાડેજાએ પત્રકાર પરિષદમાં માહિતી આપી હતી.

ગાંધીનગર જિલ્લામાં વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અન્વયે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સર્વગ્રાહી તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે. ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા બેઠકમાં ૪,૧૪,૯૧૮ કુટુંબોને વોટરગાઈડ અને ૧૧,૭૫,૫૯૪ મતદારોને વોટર સ્લીપનું વિતરણ કરવામાં આવ્યું છે.

ગાંધીનગર ખાતે પત્રકાર પરિષદને સંબોધતા જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર સતીષ પટેલે જણાવ્યું હતું કે, જિલ્લાની પાંચ વિધાનસભા બેઠકો માટે ૧૩૪૨ મતદાન મથકો ખાતે ૩૮૪૬ પોલીગ સ્ટાફ તથા ૧૩૪૨ મહહિલા પોલીંગ સ્ટાફ ફરજ બજાવશે. કુલ ૧૬૧૩ બેલેટ યુનિટ, ૧૫૪૭ કંટ્રોલ યુનિટ અને ૧૮૧૫ વીવીપેટ મશીનોની વ્યવસ્થા કરવામાં આવી છે. ચૂંટણીલક્ષી કામગીરી માટે ૧૦૫ જેટલા નાના-મોટા વાહનો સંપાદિત કરવામાં આવ્યા છે. જયારે મતદાન સ્ટાફ અને મતદાન સામગ્રી માટે જિલ્લામાં ૧૬૪ જેટલી બસોની જરૂરિયાત રહેશે. પાંચ વિધાનસભા બેઠક માટે ચૂંટણી સ્ટાફને મતદાન મથકોએ પહોંચાડવા માટે ૩૪-દહેગામ માટે ૨૫, ૩૫-ગાંધીનગર (દ) માટે ૩૯, ૩૬-ગાંધીનગર (ઉ) માટે ૩૧, ૩૭-માણસા માટે ૨૯ તથા ૩૮ - કલોલ માટે ૩૦ મળી કુલલ ૧૫૪ રૂટ બનાવવામાં આવ્યા છે. પાંચ વિધાનસભા મતદાન વિભાગોમાં સંબંધિત ચૂંટણી અધિકારી દ્વારા ચૂંટણી સ્ટાફ માટે ચા-નાસ્તો, પાણી અને ભોજનની વ્યવસ્થા કરવામાં આવશે. સિંગલ વિન્ડો સિસ્ટમ અંતર્ગત ૯ ઓનલાઈન અને ૨૧૪ ઓફલાઈન મળી કુલ ૨૨૩ અરજીઓ પૈકી ૨૧૯ અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે.

જિલ્લામાં મતદાનના દિવસે ૮૭ મતદાન મથકો ઉપર તથા પાંચ કાઉન્ટિંગ હોલ ખાતે વેબકાસ્ટીંગ કરવામાં આવશે. ગાંધીનગર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા સાથે સંકળાયેલ વિવિધ પોલીસ કર્મીઓ અને અધિકારીઓ દ્વારા ૩૪૭૨ લોકોએ પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન કરેલ છે. જે ૮૦ ટકા જેટલું થયેલ છે. તા. ૧૮ ડિસેમ્બરે સરકારી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે દરેક વિધાનસભા મતવિસ્તાર દીઠ ૧૪ ૧ ટેબલની સંખ્યા દ્વારા કુલ - ૫ હોલમાં મતગણતરી હાથ ધરાશે.

નાયબ નિયામક નશાબંધી અને આબકારી, ગાંધીનગરના આદેશો મુજત ૭ મી ડિસેમ્બર, ૨૦૧૭ સાંજના ૫.૦૦ કલાકથી ૧૪ મી ડિસેમ્બર, ૨૦૧૭ ના રોજ આખો દિવસ અને તા. ૧૮ મી ડીસેમ્બર, ૨૦૧૭ના રોજ મતગણતરીના દિવસે આખો દિવસ લીકરશોપ પરથી વિદેશી દારૂનું વેચાણ બંધ રાખવા જણાવેલ છે.

## કોંગ્રેસના લિડરોની ‘મોદી પ્રિત’ : આખરે ઈલેક્શન વિના મણિશંકરે ભાજપને ‘વિજય’ અપાવી દીધો

# સોનિયા, રાહુલ અને મનમોહનસિંહ સામે ભાજપના નેતાઓ અપશબ્દો બોલ્યા છે

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ ફુંકી ફુંકીને પી રહી હતી કે મોદીની વિરૂદ્ધમાં કોઇ બોલે નહીં પરંતુ અગાઉની ચૂંટણીમાં જે થયું તેવું ફરી થયું છે. ચાયવાળાની કોમેન્ટ પાસ કરીને કોંગ્રેસના સિનિયર નેતા મણિશંકર ઐયરે ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી જીતાડી દીધી હતી અને હવે મોદીને નીચ કહીને ૨૦૧૭ની ગુજરાત વિધાનસભા જીતાડી દીધી છે.

આખરે કોંગ્રેસના એક નેતાના કારણે પાર્ટીના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીની મહેનત પર પાણી ફરી વળ્યું છે. ચૂંટણી વિના મણિશંકર ઐયરે ભાજપને ગુજરાતમાં વિજય અપાવી દીધો છે. કોંગ્રેસના કરમ ફુટેલા છે. મોદીને મુદ્દો મળી ગયો અને જોત જોતાંમાં તે આખા દેશમાં પ્રસરી ગયો છે. મોદીએ તો કહી દીધું કે ગુજરાતની પ્રજા કોંગ્રેસને હવે જવાબ આપશે.

કોંગ્રેસના નેતાઓની જેમ ભાજપની એક ટીમ સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને ડો. મનમોહનસિંહ સામે પડી ગઈ હતી. આ ટીમે આ ત્રણેય નેતાઓ સામે અપશબ્દો બોલ્યા છે પરંતુ ભાજપના હાઈકમાન્ડે તેમને ઠપકો આપવા સુધીના પગલાં પણ લીધા નથી. વાંક બન્ને પક્ષે છે પરંતુ હાલ ગુજરાતમાં ચૂંટણીનો માહોલ છે તેથી કોંગ્રેસને વધારે નુકશાન થયું છે.

મણિશંકરની ગંભીર ટિપ્પણી પર રાહુલ ગાંધીએ આખી કોંગ્રેસ વતી મોદીની માફી માગી છે એટલું જ નહીં અત્યંત હલકટ શબ્દના પ્રયોગ કરનારા સિનિયર નેતા મણિશંકરને પાર્ટીના પ્રાથમિક સભ્યપદેથી પણ સસ્પેન્ડ કરી દીધા છે. જો કે અબ પછતાયે ક્યા હો, જબ ચિડીયા ચૂક ગઇ ખેત...

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી મણિશંકર અયૈર મોદી માટે એવું નિવેદન કર્યુ હતું કે, “યે આદમી નીચ કિસમ કા આદમી હૈ, ઈસમે કોઈ સભ્યતા નહીં હૈ, ઔર ઐસે મૌકે પર ઈસ કિસમ કી ગંદી રાજનીતિ કરને કી કયા આવશ્યકતા હૈ? મણિશંકર ઐયરના આ વિધાનોનો જવાબ વાળતા હોય તેમ નરેન્દ્ર મોદીએ સુરતમાં લીંબાયત ખાતે જંગી રેલી સમક્ષ જણાવ્યુ હતું કે, “હાં, તેમણે મને નીચ કહ્યો છે, પરંતુ આપણા મતદારો ખૂબ જ મજબૂત છે, આવા તત્વો માટે અમારે કશુ કહેવુ નથી અમારો જવાબ મતપત્રકો આપશે.




આપણે આ લોકો દ્વારા ઘણા અપમાનો જોયા છે, હું મુખ્યમંત્રી હતો ત્યારે પણ મારૃ અપમાન કરે અને તેઓએ (કોંગ્રેસે) મને ‘મોત કા સોદાગર‘ પણ કહેલ, અને જેલ ભેગો કરવા પણ ઈચ્છયુ હતું તેમ નરેન્દ્રભાઈએ સુરતની રેલીમાં જણાવેલ. હું ભારતની જનતા પાસે ભીખ માગુ છું કે, તેઓ મને ભલે નીચ કહે આપણે એનો કોઈ જવાબ આપવો નથી, આપણા આ સંસ્કાર નથી, અને હું તેમને તેમના સંસ્કારો માટે અભિનંદન આપુ છું.

આપણે જે કંઈ જવાબ આપવો છે તે ૯ અને ૧૪ તારીખે આપણા મત દ્વારા આપીશું. નરેન્દ્ર મોદીએ સુરતમાં કહ્યુ હતું કે, ઓખી વાવાઝોડાની જેમ કોંગ્રેસ પણ આવવાની નથી. મારા માલિકો આ દેશની સવા સો કરોડની જનતા છે, માત્ર તેમને જવાબ દેવા બંધાયેલો છું. તેમણે મારામાં જે વિશ્વાસ મૂકયો છે, તે માટે એક - એક સેકન્ડનો જવાબ આપવા હું બંધાયેલો છું. નરેન્દ્ર મોદીએ વધુમાં કહ્યુ કે કોંગ્રેસના નેતાઓ જે ભાષામાં બોલે છે, તે લોકશાહીમાં સ્વીકાર્ય નથી.

મણિશંકરનું નામ લીધા વિના મોદીએ કહ્યું કે કોંગ્રેસનો એક નેતા જે શ્રેષ્ઠ સંસ્થામાં ભણ્યો છે, રાજદ્વારી તરીકે સેવા આપી છે અને કેબીનેટ મિનિસ્ટર રહી ચૂકયો છે, એ મોદીને નીચ કહે તે અપમાન છે, અને મુગલ જમાનાનું માનસ દર્શાવે છે. તેઓએ મને ગધેડો કહ્યો છે, નીચ કહ્યો છે, ગંદી નાલીનો કીડો કીધો છે, આ ગંદી ભાષાનો જવાબ ગુજરાતની પ્રજા બરાબર આપશે.

મણિશંકરના વિધાનોથી ભાજપ જ નહીં કોંગ્રેસના નેતાઓ હતપ્રભ બની ગયા છે. ગુજરાત કોંગ્રેસ પણ ગભરાયેલી છે. છેલ્લા બે મહિનાની ચૂંટણીની મહેનત પર પાણી ફરી વળ્યું છે. રાહુલ ગાંધીએ ખુદ એવું કહ્યું હતું કે કોઈએ નરેન્દ્ર મોદીનું નામ લેવાનું નથી પરંતુ કોંગ્રેસના ડોઢડાહ્યા નેતાઓ મોદીને ભાંડવામાંથી ઉંચા આવતા નથી તેથી ભારતના ૧૮ રાજ્યોમાં આજે મોદી અને ભાજપ રાજ કરે છે. કોંગ્રેસને ગુજરાતની જેમ ભારતના રાજ્યોમાંથી હાંકી કાઢી છે.

ભારતમાં ૬૦ વર્ષ સુધી રાજ કર્યું તે કોંગ્રેસના સિનિયર નેતાઓ સત્તા વિના તડપડી રહ્યાં છે. બેફામ વાણી વિલાસ કરીને ચિત્રમાં રહેવાનો તેમને જાણે કે રોગ લાગુ પડ્યો છે. ગુજરાતમાં નરેન્દ્ર મોદીએ ૧૩ વર્ષ સુધી શાસન કર્યું છે ત્યાર થી અત્યારના વડાપ્રધાન બન્યા ત્યાં સુધી તેમને કોંગ્રેસના નેતાઓએ અનેક ઉપનામો આપીને બદનામ કરવાનો પ્રયાસ કર્યો છે.

મોદી પર જેટલો કિચડ ઉછાળવામાં આવ્યો છે તેટલા મોદી લોકપ્રિય બનતા ગયા છે. કોંગ્રેસના નેતાઓના વાણી વિલાસ સામે મોદી લોકસભા પછી એક પછી એક રાજ્યોમાંથી કોંગ્રેસને નામશેષ કરી રહ્યાં છે છતાં કોંગ્રેસના આવા હલકા શબ્દપ્રયોગ કરતા નેતાઓમાં અક્કલ આવતી નથી.

ગુજરાત વિધાનસભાની ચૂંટણી સમયે કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ કહ્યું હતું કે—પાર્ટીના કોઈપણ નેતાએ નરેન્દ્ર મોદીના વિરૂદ્ધમાં એકપણ શબ્દ ઉચ્ચારવાનો નથી આમ છતાં મણિશંકર ઐયરે તેમનું પોત પ્રકાશ્યું છે. રાજકીય પાર્ટીઓના નેતાઓમાં હવે પહેલાના જેવી શાલિનતા રહી નથી. ભાજપનો એક યુગ હતો કે જેમાં અટલ બિહારી વાજપેયી ચૂંટણી પ્રવચનો કરતાં હતા પરંતુ તેમનામાં શાલિનતા જોવા મળતી હતી. ૨૦૧૪ની લોકસભામાં મનમોહનસિંહ સામે ભાજપ આદુ ખાઈને પાછળ પડી હતી. મૌની બાબા અને નપુસંક સહિતના ઉચ્ચારણો ભાજપના નેતાઓએ કરેલા છે પરંતુ ભાજપે આવા નેતાઓ સામે કોઇ પગલાં લીધા નથી.

## કોંગ્રેસના એક નેતાના કારણે રાહુલ ગાંધીની મહેનત પર પાણી ફરી વળ્યું છે : મણિશંકરને તો કોંગ્રેસે કાઢી મૂક્યા પણ ભાજપના કોઇ નેતાને ઠપકો ય મળ્યો નથી